# Day to Day Current Affairs

17. Feb 2016

## ૧. સાઉથ એશિયન ગેમ્સ :

- 5 થી 16 ફેબ્રુઆરી દરમિયાન એશિયન ગેમ્સનું 1987માં કોલકતા અને 1995માં ચેન્નાઇ બાદ ભારતે ત્રીજી વખત આ ગેમ્સનું આયોજન કર્યું.
- 12મી એશિયન ગેમ્સનું આયોજન ગુવાહાટી અને શિલોંગમાં થયું હતું.
- 12 દિવસ યોજાયેલ એશિયન ગેમ્સમાં ભારતે 188 ગોલ્ડ, 90 સિલ્વર અને 30 બ્રોન્ઝ સાથે કુલ 308 મેડલ જીતી ટોંચનું સ્થાન મેળવ્યું હતું.
- ભારતે પહેલાની 11 ટુર્નામેન્ટમાં 900 ગોલ્ડ, 542 મેડલ સિલ્વર અને 286 બ્રોન્ઝ મળી કુલ 1728 મેડલ જીત્યા હતાં.
- જ્યારે આ વખતે ભારતે કુલ 308 મેડલ જીતતા અત્યાર સુધીમાં કુલ 2036 મેડલ પોતાના નામે કર્યા છે જે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ મેડલ જીતવાનો રેકોર્ડ છે.
- 12મી એશિયન ગેમ્સમાં કુલ 8 દેશોએ ભાગ લીધો હતો જેમા ભારત, શ્રીલંકા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, માલદિવ્સ અને ભુટાનનો સમાવેશ થાય છે.
- ટોપથી પોઇન્ટ ટેબલ

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ભારત | ૧૮૮ | ૯૦ | ૩૦ | ૩૦૮ |
| શ્રીલંકા | ૨૫ | ૬૩ | ૯૮ | ૧૮૬ |
| પાકિસ્તાન | ૧૨ | ૩૭ | ૫૭ | ૧૦૬ |

## ૨. 'બર્ડસ ઓફ નરસિંહ તળાવ :

- જુનાગઢમાં આવેલા નરસિંહ મહેતા તળાવ પર આધારિત 'બર્ડસ ઓફ નરસિંહ તળાવ' ડોક્યુમેન્ટ્રીને ત્રણ રાષ્ટ્રીય એવોર્ડ મળ્યા.
- આ ડોક્યુમેન્ટ્રીમાં સ્થાનિક અને યાયાવર પક્ષીઓની વિશિષ્ટ અને ભાગ્યે જ જોવા મળતી લાક્ષણિકતાઓનો સમાવેશ કરાયો છે.
- ડોક્યુમેન્ટ્રીને મળેલા એવોર્ડસ :

૧) ટાઇગરલેન્ડ ઇન્ડિયા ફિલ્મ ફેસ્તિવલમાં બેસ્ટ ડોક્યુમેન્ટ્રી

૨) સીએમએસ વાતાવરણ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં નોમિનેશન અને સ્ક્રિન્ડ

3) તેમજ છઠ્ઠા નેશનલ સાયન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સિલ્વર બિયર એવોર્ડ.

3. ગ્રેમી એવોર્ડ :

- અમેરિકાના લોસ એન્જલસ ખાતે 58મો ગ્રેમી એવોર્ડ સમારોહ યોજાયો.
- સંગીતની દુનિયામાં ઓસ્કાર તરીકે જાણીતા ગ્રેમી એવોર્ડને અમેરિકાની સંસ્થા 'નેશનલ એકેડમી ઓફ રેકોર્ડીંગ એન્ડ સાયન્સીસ' દ્વારા આપવામાં આવે છે
- આ પહેલા ગ્રેમી એવોર્ડને તેની ટ્રોફીના નામે 'ગ્રામોફોન એવોર્ડ' તરીકે પણ ઓળખવામાં આવતો હતો.
- અત્યાર સુધી આઠ ભારતીયોને આ એવોર્ડ એનાયત થયો છે

## પ્રશ્નો

૧. એશિયન ગેમ્સનો આ વખતનો ક્રમ જણાવો ? 12મો

૨. 12મી એશિયન ગેમ્સનું આયોજન ભારતમાં ક્યાં થયુંહતું ? ગુહાટી (આસામ) શિલોંગ (મેઘાલય)

૩. 12મી એશિયન ગેમ્સમાં સૌથી વધુ મેડલ મેળવી ક્યો દેશ પ્રથમ ક્રમે રહ્યો ? ભારત

૪. 12મી એશિયન ગેમ્સમાં ભારતે મેળવેલ મેડલ ? 188 ગોલ્ડ, 90 સિલ્વર, 30 બ્રોન્ઝ કુલ – 308

૫. 12મી એશિયન ગેમ્સમાં કુલ કેટલા દેશોએ ભાગ લીધો ? આઠ

૬. જુનાગઢમાં આવેલા નરસિંહ મહેતા તળાવ પર કઇ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બની ? 'બર્ડસઓફ નરસિંહ તળાવ'

૭. ગ્રેમી એવોર્ડનું આયોજન ક્યાં થયું ? લોસ એન્જલસ અમેરિકા

૮. અમેરિકામાં યોજાયેલ ગ્રેમી એવોર્ડ સમારોહનો આ વખતનો ક્રમ જણાવો ? 58

Vivekanand Academy, Gandhinagar